# ભિલોડાના ખુમાપુર ગામની યુવતીને ૬.૨ ફુટ લાંબા વાળ આકર્ષણનું કેન્દ્ર

ભિલોડા,તા.૧૨

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ખુમાપુર ગામની યુવતીને ૬.૨ ફુટ લાંબા વાળ ધરાવતી ક્રિષ્ના પંચાલ આકર્ષણનું કેન્દ્ર બની છે.યુવતીઓએ માથાના લાંબા વાળ માટે અનોખી પહેલ કરી હોય તેમ મોડાસા તાલુકાના સાયરા ગામના નિલાંશી પટેલના માથાના સૌથી લાંબા વાળ માટે ગિનિસ બુકમાં સ્થાન ધરાવે છે.



ભિલોડા તાલુકાના ખુમાપુર ગામના મુળ વતની ક્રિષ્નાબેન પંચાલ છે.ભિલોડા કોટેઝ હોસ્પિટલમાં સ્ટાફ નર્સ તરીકે ફરજ બજાવતા માતા મીનાબેન પંચાલ,દરજી કામ સાથે સંકળાયેલા પિતા કમલેશભાઈ પંચાલની પુત્રી ક્રિષ્નાબેન પંચાલ લાંબા વાળના કારણે આકર્ષણનું કેન્દ્ર બની છે.

યુવતી કોઈ પણ જગ્યાએ નીકળી હોય ત્યારે તેના માથાના લાંબા વાળ પર સૌ-કોઈની નજર પડી જાય તો લોકો અચંબામાં પડી જાય છે.મોડાસા તાલુકાના સાયરા ગામની યુવતી નિલાંશી પટેલના માથાના લાંબા વાળ માટે ગિનિસ બુકમાં સ્થાન ધરાવે ત્યારે આ સિધ્ધી મેળવવા અને અરવલ્લી જીલ્લા,ગુજરાત રાજય અને ભારત દેશમાં નામ રોશન કરવા માટે ક્રિષ્નાબેન મહેનત કરતા હોય છે.યુવતી પોતાના માથાના વાળની જીવથી પણ વધારે સંભાળ રાખે છે.

યુવતીને માથાના લાંબા વાળ ધોવા હોય ત્યારે કોઈ એક બીજી વ્યક્તિની જરૂર મદદ લેવી પડે છે.યુવતીની માતા મીનાબેન પંચાલએ જણાવ્યું હતું કે જયારે ક્રિષ્નાના વાળ ૬ ફુટ અને ૨ ઈંચ લાંબા હોવાથી દર રવિવારે વાળ ધોવા માટે મદદ કરૂ છું. લાંબા વાળની વૃદ્ધી માટે હર્બલ તેલ, સાબુ, શેમ્પુ સહિત હંમેશા હર્બલ ચીજવસ્તુઓ વાપરવાનો આગ્રહ રાખુ છું. યુવતીના પિતા કમલેશભાઈએ જણાવ્યું હતું કે ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મેળવવા પ્રક્રિયા હાથ ધરવા માહિતી એકઠી કરવાની શરૂ કરી છે.

ક્રિષ્ના પંચાલએ જણાવ્યું હતું કે મહિલાઓ, યુવતીઓને સંદેશ આપતા કહ્યું કે માથાના લાંબા વાળ કોઈ મુશ્કેલી સર્જતા નથી લાંબા વાળ એ તો કુદરતી છે. વાળની જેટલી માવજત કરીએ એટલી ઓછી છે.૨૧મી સદીના હાઈટેક યુગમાં મહિલાઓ અને યુવતીઓમાં હવે ટુંકા વાળ રાખવાની ફેશન છે.

# ખેરાલુના મલેકપુર પાસે અકસ્માતમાં છના મોત

મહેસાણા, તા. ૧૨

કચ્છના નલિયાથી મજૂરો બેસાડીને હિંમતનગર જઈ રહેલ પીકઅપ ડાલાને મહેસાણા જિલ્લાના ખેરાલુ તાલુકાના મલેકપુર અને આદિનપુર વચ્ચે ગઈ રાત્રે ગોઝારો અકસ્માત નડતા એક કિશોર સહિત છ મજૂરીયાત વર્ગના માણસોના કરૂણ મોત નિપજયા હતા જયારે એક ડઝન જેટલા મજૂરોને વત્તાઓછા પ્રમાણમાં ઈજાઓ થતાં તેઓને હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. મૃતકો મધ્યપ્રદેશના જાંબુઆ તાલુકાના રહીશો હતા. આ ગમખ્વાર અકસ્માતથી સમગ્ર વિસ્તારમાં ભારે અરેરાટી વ્યાપી ગઈ છે.

વિગત એવી છે કે મધ્યપ્રદેશના જાંબુઆ તાલુકાના કેટલાક મજૂરો મજૂરી કામે કચ્છમાં ગયા હતા. કચ્છના રામપુર નલિયામાં કામ પૂર્ણ થતાં બીજુ કામ હિંમતનગર શરૂ થનાર હોઈ ૧૯ જેટલા મજૂરો ગીકાલે પીકઅપડાલુ નં. જીજે-૧૨-બીવી-૩૭૭૧ ભાડે કરીને તેમાં બેસીને હિંમતનગર જવા નીકળ્યા હતા ત્યારે માર્ગમાં પાટણ થઈ લુણવા ગામ થઈને પસાર થઈ રહ્યા હતા ત્યારે મધરાત બાદ રાત્રિના બે વાગ્યાના સુમારે મલેકપુર અને અદિતપુર વચ્ચે પીકઅપ ડાલાના ચાલકે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા ગાડી રોડની બાજુમાં ઉતરીને ભટકાતી ભટકાતી વૃક્ષો સાથે અથડાઈ હતી. જેથી ગાડીમાં સામાન પર બેઠેલ મજૂરોને શરીરે ગંભીર ઈજાઓ થતાં તેઓને એક આઈસર ટ્રક અને ૧૦૮ એમ્બ્યુલન્સની મદદથી ખેરાલુ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. જયાં ફરજ પરના તબીબે ડામોર પુંજીલાલ જીતરાજી ઉ.વ. ૪૩, ભાભોર સરદાર માનસી ઉ.વ. ૪૫, ભાભોર કાળુ દેવાન ઉ.વ. ૧૦, ડામોર શારદાબેન પુંજીલાલ ઉ.વ. ૪૨ રહે. તમામ પીઠનપુર (નાની) તા. જી. જાંબુઆ મધ્યપ્રદેશ તથા ઉમેશ કાળુ મેડા ઉ.વ. ૨૪ રહે. અજવાણી તા.જી. જાંબુઆને મૃત જાહેર કર્યા હતા.

જ્યારે અકસ્માતમાં ઘાયલો પૈકી ભાભોર કાળીબેન ઈન્દ્રેશ ઉ.વ. ૩૦, ભાભોર શકરીબેન દેવાન ઉવ. ૩૫, ભાભોર સીમાબેન દેવાન ઉ.વ. ૨૦ રહે. પીઠનપુરની સ્થિતિ ગંભીર જણાતાં તેઓને વધુ સારવાર અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ભાભોર કાળીબેન ઈન્દ્રેશનું પણ કરૂણ મોત નિપજ્યુ હતુ. આમ આ ગોઝારા અકસ્માતમાં છ મજૂરોના કરૂણ મોત નિપજતાં આ વિસ્તારમાં ભારે ગમગીની સાથે અરેરાટી વ્યાપી ગઈ હતી.

આ બનાવ અંગે દિનેશ જીતરામ મંગીયા ગણાવા રહે. સાપરી પીઠનપુરની ફરિયાદના આધારે ખેરાલુ પોલીસે પીકઅપ ડાલાના ચાલક વિરૂદ્ધ અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ આરંભી છે.

# શામળાજી પોલીસે આળસ ખંખેરી, દારૂ સાથે એક શખ્સને દબોચ્યો

શામળાજી, તા. ૧૨

અરવલ્લી-સાબરકાંઠા જીલ્લાની આંતરરાજ્ય સરહદો પરથી વર્ષે દહાડે કરોડો રૂપિયાનો વિવિધ વાહનો મારફતે વિદેશી દારૂ-બિયર ગુજરાતમાં ઠાલવામાં આવી રહ્યો છે. રાજ્ય પોલીસવડા શિવાનંદ ઝાએ રાજ્યની તમામ આંતરરાજ્ય અને આંતરિક ચેકપોસ્ટ બંધ કરવાના નિર્ણય પછી બંને જિલ્લામાં આશ્ચર્યજનક સ્થિતિનું નિર્માણ થયું હોય તેમ બંને જીલ્લાની આંતરરાજ્ય સરહદો પરથી જાણે બુટલેગરોએ વિદેશી દારૂ ઘુસાડવાનું બંધ કરી દીધું હોય તેમ છેલ્લા મહિના દરમિયાન વિદેશી દારૂનો જથ્થો ઝડપવાની ઘટનાઓ નહિવત બની હોવાના સમાચાર "ગાંધીનગર સમાચાર" માં પ્રકાશિત થતા જાણે શામળાજી પોલીસે આળસ ખંખેરી રતનપુર ચેકપોસ્ટ નજીકથી સેન્ટ્રો કારમાં ગુપ્તખાનામાં સંતાડીને લવાતો ૩૦ હજાર રૂપિયાના વિદેશી દારૂ સાથે એક શખ્સને ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો.

રાજસ્થાનના મુંગેર ગામનો સતીશ હેમચંદ્ર નટ નામના શખ્સને બુટલેગરે ઠેકા પરથી સેન્ટ્રો કારમાં વિદેશી દારૂનો જથ્થો ભરી આપ્યો હતો અને વિદેશી દારૂ ભરેલી કાર મોડાસાની આજુબાજુ કોઈ બુટલેગરને પહોંચાડે તે પહેલા શામળાજી પોલીસે રતનપુર ચેકપોસ્ટ નજીક વેણપુર ગામની સીમાથી ઝડપી લીધો હતો.



## ભિલોડામાં આમ આદમી પાર્ટીના વિજયને વધાવાયો

દિલ્હીમાં આમ આદમી પાર્ટીના ભવ્યાતિભવ્ય વિજયના જીતનો જશ્ન ભિલોડા તાલુકા મથક ખાતે મઉં ચાર રસ્તા પાસે કાર્યકરોએ ફટાકડા ફોડી મોં મીઠું કરાવતા સર્વે કાર્યકરોમાં સર્વત્ર આનંદની લાગણી પ્રસરી છે. દિલ્હીમાં અરવિંદ કેજરીવાલએ ભાજપ અને કોંગ્રેસ પર રીતસર ઝાડું ફેરવી દીધું છે. દિલ્હી વિધાનસભામાં આમ આદમી પાર્ટીએ રેકોર્ડ બ્રેક સીટો હાંસલ કરતા અરવલ્લી જીલ્લા આમ આદમી પાર્ટીના પ્રમુખ ડી.બી. ડામોર, ભરતભાઈ ઠાકોર સહિત કાર્યકરોએ જીતનો જશ્ન મનાવ્યો હતો.

### મોડાસા રૂરલ પોલીસના બામણવાડ દૂધ મંડળીના સ્ટોર કીપરે નોકરી દરમિયાન

# ૧૦.૨૫ લાખના કૌભાંડની ફરિયાદ નોંધવામાં ઠાગા ઠૈયા

મોડાસા, તા. ૧૨

અરવલ્લી જીલ્લામાં સહકારી મંડળીઓ અને દૂધ ઉત્પાદક મંડળીઓમાં લાખ્ખો રૂપિયાની ઉચાપતના કિસ્સાઓમાં નોંધપાત્ર વધારો થયો છે. મોડાસા તાલુકાના બામણવાડ ગામની ધી બામણવાડ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી.માં વર્ષોથી સ્ટોર કીપર તરીકે ફરજ બજાવતા કર્મચારીએ નોકરી દરમિયાન સાબરદાણ અને મકાઈના ભરડાની ૧૦.૨૫ લાખની બોરીઓ અને ૧૩ હજારથી વધુની હંગામી ઉચાપત કરી હોવાનું જીલ્લા રજિસ્ટ્રારના નિમણુંક કરેલ ઓડિટરના ઓડિટમાં બહાર આવતા હડકંપ મચ્યો હતો. જીલ્લા રજિસ્ટ્રારે ફરિયાદ નોંધવા માટે પોલીસ સ્ટેશનમાં નકલ મોકલી આપી હતી ધી બામણવાડ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી.ના ચેરમેન અને ગ્રામજનો સ્ટોરકીપર અને જવાબદાર કર્મચારીઓ સામે ફરિયાદ નોંધવા મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં પગના તળિયા ઘસી નાખવા છતાં અગમ્ય કારણોસર રૂરલ પોલીસ સ્ટેશનના



જવાબદાર અધિકારી દ્વારા ફરિયાદ નોંધવા માટે ઠાગા-ઠૈયા કરવામાં આવતા હોવાનો આક્ષેપ થતા ખળભળાટ મચ્યો છે.

બામણવાડ ગામની ધી બામણવાડ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી.માં ૧-૪-૨૦૧૮ થી ૩૧-૩-૨૦૧૯ સુધીનું વેવાદિક ઓડિટ સહકારી મંડળીઓ (દૂધ) બાયડ ઓડિટર ગ્રેડ-૨ ઓડિટર જે.એમ. પ્રજાપતિએ ઓડિટ કરતા ઓડિટ દરમિયાન સ્ટોર કીપર તરીકે ફરજ બજાવતા રમણભાઈ રણછોડભાઈ પંચાલે નોકરી દરમિયાન ૬૫૪ બોરી સાબરદાણ કીં. રૂ. ૬૭૦૩૫૦ અને મકાઈ ભરડો ૪૭૪ બોરી કીં. રૂ.૩૫૫૫૦૦ મળી કુલ રૂ.૧૦૨૫૮૫૦ વેચાણના રૂપિયા અંગત કામમાં વાપરી નાખી તથા રૂ.૧૩૩૨૫ની હંગામી ઉચાપત કરી ગેરરીતિ બહાર આવતા ખળભળાટ મચ્યો હતો. તા.૨૨-૬-૨૦૧૮ના રોજ વ્યવસ્થપાક કમિટીએ ઠરાવ નં-૨ થી રમણભાઈ રણછોડભાઈ પંચાલ સામે તેમને વાપરેલ સ્ટોકના નાણાં વસુલ કરવા જરૂરી પોલીસ કાર્યવાહી કરવા મંડળીના ચેરમેનને સત્તા આપી હતી અને દૂધ મંડળીમાં ઉચાપત કરનાર સ્ટોર કીપર રમણભાઈ રણછોડભાઈ પંચાલને છુટા કરી દીધા હતા તથા ૨૩-૧-૨૦૨૦ના રોજ જીલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ-અરવલ્લી કચેરી દ્વારા પોલીસ ઈન્સ્પેક્ટર મોડાસા પોલીસ સ્ટેશને ટપાલ મોકલી સહકારી મંડળીના વહીવટમાં દગા-ઉચાપત નાણાકીય ગેરરીતિ કે નાણાકીય અવ્યવસ્થામાં સંડોવાયેલ જણાતા કર્મચારીઓ સામે ફોજદારી કાર્યવાહી દિન-૩૦માં થતી હોય સદર મંડળીના ચેરમેન-વ્યવસ્થાપક કમિટીના સભ્યો તરફથી ફરિયાદ રજુ થયે ફરિયાદ નોંધી ગુન્હા રજીસ્ટર નંબર તથા તારીખ જણાવવા તાકીદ કરી છે.

ધી બામણવાડ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી.ના ચેરમેન દયારાભાઈ રામભાઈ પટેલ સ્ટોરકીપર રમણભાઈ રણછોડભાઈ પંચાલે કરેલી સ્ટોક વેચી કરેલ રૂ.૧૦૨૫૮૫૦ અને હંગામી રૂ.૧૩૩૨૫ અંગે ફરિયાદ નોંધાવવા મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં વારંવાર ધક્કા ખાવા છતાં ફરિયાદ નોંધવા ઠાગાઠૈયા કરવામાં આવતો હોવાનો ચેરમેન સહીત ગામના અગ્રણીઓએ આક્ષેપ કરતા પોલીસની કામગીરી સામે અનેક પ્રશ્નાર્થ પેદા થયા છે.

### ડીસા શહેરમાં ટેક્ષ એસોસિએશન દ્વારા

# નાયબ કલેકટર-ધારાસભ્ય તેમજ વેરા વાણિજ્ય કચેરીમાં આવેદનપત્ર આપી રજુઆત કરાઈ

ડીસા, તા. ૧૨

સમગ્ર ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા જીએસટી કાયદો અમલમાં મુકવામાં આવ્યો છે જેનાથી વેપારીઓમાં નિરાશા વ્યાપી જવા પામી હતી પરંતુ સાથે-સાથે હવે વેપારીઓ દ્વારા રેગ્યુલર ટેક્સ ભરવા માટે આગળ આવ્યા છે પરંતુ જીએસટી બિલ અનુસાર વેપારીઓ દ્વારા ટેક્સ ભરવામાં મુશ્કેલીઓ ઉભી થઈ રહી છે જેને લઈને સંયુક્ત એસોસિયેશન કમીટી દ્વારા આજે ગુજરાતમાં આવેદનપત્ર આપવામાં આવ્યું છે જેને પગલે આજે ડીસા ટેક્ષ એસોસિએશન દ્વારા આજે ડીસાના નાયબ કલેક્ટર તથા ડીસા વેરા વાણિજ્ય કચેરી તથા ડીસાના ધારાસભ્ય શશીકાંત પંડ્યાને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું અને રજુઆત કરવામાં આવી હતી. છેલ્લા કેટલાય સમયથી જીએસટી ટેક્સ ભરવાની છેલ્લી તારીખમાં પોટ્રલ બંધ રહે છે જેનાથી વેપારીઓને પેનલ્ટી ભરવી પડે છે અને વેપારીઓને ટેક્સ સાથે વધારે પૈસાનું નુકશાન થાય છે અને આ સમસ્યા ઘણાં સમયથી



યથાવત રહી છે જેના પગલે વેપારીઓ તથા ટેક્સ એસોસિએશનમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે જેથી આજે ટેક્સ એસોસિએશન દ્વારા વેપારીઓ તેમજ સેલટેક્ષ એસોસિયેશનને પડતી મુશ્કેલીઓ તાત્કાલિક ધોરણે દુર કરવામાં આવે તેવી આજે વહીવટીતંત્ર સામે માંગ કરવામાં આવી હતી જયારે ડીસાના ધારાસભ્ય શશીકાંત પડ્યાને રજુઆત કરતાં જણાવ્યું હતું કે અમો વિકાસના કામો અથે ટેક્સ ભરીને ભારતના વિકાસમાં સહભાગી થવા તૈયાર છીએ પરંતુ અમોને પડતી મુશ્કેલીઓને તાત્કાલિક ધોરણે દુર કરવામાં આવે અને રેગ્યુલર પોર્ટોલ ચાલું કરવામાં આવે તેવી રજુઆત કરવામાં આવી હતી.

# સરકાર બધું જ આપશે માનસિકતામાંથી બહાર નીકળી મહેનત કરો બિચારા-બાપડા ન બનો

### જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં તલોદ તાલુકાના મોહનપુર ગામે રાત્રી સભા યોજાઇ

તલોદ, તા. ૧૨

સાબરકાંઠા જિલ્લા કલેક્ટર સી.જે. પટેલની અધ્યક્ષતામાં તલોદ તાલુકાના મોહનપુર ગામે તા ૧૧ ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ રાત્રે ગ્રામસભા યોજાઈ હતી. આ પ્રસંગે શીવણ તાલીમ મેળવેલ ૮૦ જેટલી બહેનોને સિલાઈ મશીન અને કુટીર ઉદ્યોગ દ્વારા તાલિમ પામેલા ભાઈ-બહેનોને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.



જિલ્લા કલેકટરે ગ્રામસભાને સંબોધતા જણાવ્યું હતું કે સરકાર બધું જ કરી આપશે તેવી માનસિકતામાંથી બહાર આવી સર્વએ પરિશ્રમ-મહેનત કરી ઝનુનથી આગળ વધવા અપીલ કરી હતી. લોકભાગીદારી થકી નાના-મોટા સેવા કામો ઉપાડી મનરેગા થકી રોજગારી મેળવવા હાકલ કરી હતી. સરકારની વિવિધ યોજનાઓનો લાભ લેવા ગ્રામજનોને અપીલ કરી જેમાં વિધવા બહેનોને સહાય, વૃધ્ધપેન્શન, ૧૦૦ ચોરસવાર પ્લોટ, શિક્ષણ, આરોગ્ય સેવા જેવા પ્રશ્નો ઝડપભેર ઉકેલવામાં આવશે.

વધુમાં તેમણે ઉમેર્યું હતું કે ખેતી, પશુપાલન થકી આર્થિક ઉપાર્જન સાથે બાળકોને દૂધ અને યોગ્ય પૌષ્ટીક આહાર આપી નાનપણથી જ તંદુરસ્ત બનાવવા પણ હાકલ કરી સરકારના પોષણ અભિયાનની જાણકારી આપી હતી. સૌએ ઘર આંગણે આંગણવાડીમાં મળતો લાભ લેવા જણાવ્યું હતું.

જિલ્લા કલેકટરે વધુમાં જણાવતા કહ્યું કે દરેકને પોતાના નસિબનું મળે જ છે પણ તેના માટે પરિશ્રમ કરવો એ પાયાની વાત છે. યુવાપેઢીને વ્યસનથી મુક્ત બની ગામને સુંદર-સ્વચ્છ અને વિકાસશીલ બનાવવા યુવાનોને આગળ આવવા પ્રેરિત કર્યા હતા. યુવા પેઢીને સારૂ આરોગ્ય અને શિક્ષણ મેળવી દેશના વિકાસમાં સહાયક બનવા તેમજ સરકાર દ્વારા ચલાવાતા અભિયાનો પોષણ અભિયાન, વ્યસનમુક્તિ અભિયાન, સ્વચ્છ ભારત અભિયાનમાં સહભાગી બની વિકસીત થવા પર ભાર મૂક્યો હતો.

આ રાત્રી સભામાં ગ્રામજનો દ્વારા ગટર, લાઈટ, રસ્તાના કામો, વીજ વાયર, વીજ થાંભલા, એસ.ટી.બસ, સિંચાઈ અંગે, તળાવ ઉંડુ કરી તળાવમાં પાણી ભરવા, આર.સી. રોડ, આવાસ, રમત-ગમતનું મેદાન, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર જેવા પ્રશ્નો રજૂ કરાયા હતા. જે અંગે જિલ્લા સમાહર્તા દ્વારા સંબંધિત અધિકારીઓને ઝડપી અને હકારાત્મક ઉકેલ માટે ખાસ સુચનો અને માર્ગદર્શન સ્થળ પર જ અપાયુ હતું.

આ રાત્રીસભામાં જિલ્લા વિકાસ અધિકારી રાજેન્દ્ર પટેલ, તલોદના પ્રાંત અધિકારી, મામલતદાર, ટી.ડી.ઓ, ગામના અગ્રણી અને અધિકારી પ્રવીણ પટેલ, અન્ય અમલીકરણ અધિકારીઓ, ગામના સરપંચ શકિતસિંહ રહેવર, તાલુકા-જિલ્લાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ તેમજ મોટી સંખ્યામાં તાલીમાર્થીઓ-લાભાર્થીઓ, ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## ભિલોડા સરકારી A.N.M./ F.H.W. ટ્રેનીંગ સ્કુલમાં ઓથ અને લેમ્પ લાઈટિંગનો કાર્યક્રમ યોજાયો



ભિલોડા,તા.૧૨

ભિલોડા કોટેઝ હોસ્પિટલમાં સરકારી A.N.M./ F.H.W. ટ્રેનીંગ સ્કુલમાં ઓથ અને લેમ્પ લાઈટિંગનો કાર્યક્રમ યોજાયો હતો. ભિલોડા-મેઘરજ ધારાસભ્ય ડૉ. અનિલભાઈ જોષીયારા, ઉદય સેવા સંસ્થાન પ્રમુખ જીતેન્દ્રભાઈ ભાટીયા, એડવોકેટ, ભારત વિકાસ પરીષદ, ભિલોડા શાખા પ્રમુખ મુકેશભાઈ પંચાલ, રામઅવતાર શર્મા, અધિક્ષક કોટેઝ હોસ્પિટલ ડૉ. હિનાબેન શાહ, પ્રિન્સિપાલ નર્સિંગ સ્કુલ શકુંતલાબેન જે. શર્મા, જે. પી. શર્મા, એચ. બી. મનસુરી સહિત કોટેજ હોસ્પિટલ સ્ટાફએ ઉપસ્થિત રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# માલપુરના ઉભારણ ખાતે ખોડિયાર માતાજીનો પાટોત્સવ ભકિતભાવપૂર્વક ઉજવાયો

મોડાસા, તા. ૧૨

માલપુર તાલુકાના ઉભરાણ ખાતે આવેલ રાજરાજેશ્વરી આઈ શ્રી ખોડિયાર માતાજીનો ૧૫મો પાટોત્સવની ભોઈરાજ મહેરા સમાજ દ્વારા ભારે ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. લીલાબા દલપતભાઈ મહેરા પરિવાર દ્વારા માતાજીને ચાંદીનું છત્તર, વસ્ત્રો અને શૃંગાર અર્પણ કરવામાં આવ્યો હતો.

ઉભારણના પ્રસિદ્ધ પરચાવાળી આઈ શ્રી ખોડિયાર માતાજીનો પંદરમો પાટોત્સવ ક્ષત્રિય મહેરા સમાજના ભાઈ-બહેનો દ્વારા ભારે ઉમંગ અને શ્રદ્ધાપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. જમનાબા શબુરજી પરિવારના ધુમીબેન અને રશ્મિકાબેન દ્વારા માતાજીને વસ્ત્રો, શૃંગાર અને વાઘા અર્પણ કરવામાં આવ્યા હતા. લીલાબાએ માતાજી આભલા જડીને ભેડિયો અર્પણ કર્યો હતો. પાટોત્સવમાં પૂજારી ગોપાલ રાવલ પરિવાર દ્વારા માતાજીને અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો.



## ડીસા રેલવે સ્ટેશન રોડ ઉપર ગટરના કામમાં ગરબડની રાડ...

ડીસા નગરપાલિકા દ્વારા હાલમાં એસ. સી. ડબ્લ્યુ. હાઈસ્કૂલથી રેલવે સ્ટેશન ચાર રસ્તા સુધી ફૂટપાથની સાથે ગટર લાઈનનું કામ ચાલી રહ્યું છે પરંતુ હાલમાં પણ કેટલીક જગ્યાએ વીજ થાંભલા ગટરની વચ્ચે જ ઉભેલા નજરે પડે છે કોન્ટ્રાકટર દ્વારા વીજ થાંભલા હટાવાયા વગર ગટર બનાવાતી હોવાનું રહીશોએ રોષપૂર્વક જણાવ્યું હતું. ગટર લાઈનમાં જ વીજ થાંભલા હોવાના કારણે ભવિષ્યમાં ગટરની સાફ સફાઈમાં પણ અડચણો સાથે રહીશોને વીજ કરન્ટની પણ દહેશત વર્તાય છે વીજ કંપનીના સત્તાધીશો પણ આડેધડ બનતી ગટર લાઈનના કામનું જાત નિરીક્ષણ કરી સત્વરે ઘટતાં પગલાં ભરે તેવો જનમત પ્રવર્તે છે.